## અનુસંધાન... પાના છેલ્લાનું

### પાણી વગરના શાસકોના...

શહેરમાં સરેરાશ 1.80 ઇંચ વરસાદ નોંધાયો છે. જોકે, વરસાદનું પ્રમાણ તમામ ઝોનમાં સરખું રહ્યું નહોતું. કેટલાક વિસ્તારોમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો, જ્યારે ઉધના ઝોનમાં 24 કલાક દરમિયાન માત્ર 0.47 ઈંચ વરસાદ નોંધાયો હતો. જો કે સોમવારે આખો દિવસ વરસાદની હેલી વચ્ચે દોઢ ઈંચ જેટલો વરસાદ વરસવા છતા અમુક વિસ્તારોમાં પાણી ભરાયા હતા વીઆઈપી રોડ વેસુ ખાતે એક બાજુના રસ્તા પર પાણી ભરાતા રસ્તો એક જ બાજુ ચાલુ હોય ભારે ટ્રાફિકઝોન થયો હતો આ ઉપરાંત વરાછા ગરનાળા, પુણા અર્ચના સ્કુલ સર્કલ, ઉધના-નવસારી રોડ, અડાજણ સહિતના વિસ્તારોમાં ઘણી જગ્યાએ રસ્તાની એક બાજુ પાણી ભરાતા લોકો હાલાકીમાં મુકાયા હતા. આખો દિવસ વરસાદી માહોલના પગલે શહેરનુ જનજીવન અસરગ્રસ્ત દેખાયું હતું.

### ઉધના રોડ પર કેમિકલયુક્ત પાણી,

એક જ શહેર, પણ ઝોન પ્રમાણે વરસાદમાં મોટો તફાવત 24 કલાકના આંકડાઓમાં સેન્ટ્રલ ઝોનના 2.99 ઈંચ સામે ઉધના ઝોનમાં માત્ર 0.47 ઈંચ વરસાદ નોંધાયો છે. એટલે કે બંને ઝોન વચ્ચે વરસાદના પ્રમાણમાં લગભગ 6 ગણાથી વધુનો તફાવત જોવા મળે છે. આથી શહેરમાં વરસાદની તીવ્રતા એકસમાન ન રહી હોવાનું સ્પષ્ટ થાય છે. ખાસ કરીને જ્યાં ઓછા સમયમાં વધુ વરસાદ પડ્યો ત્યાં પાણી ભરાવાની સમસ્યા વધુ જોવા મળી હતી.

### ઉધના રોડ પર કેમિકલ, ખટોદરા પો.સ્ટે. પાસે ગટરિયા પૂર : મનપાની ડ્રેનેજ વ્યવસ્થા પર સવાલ

એક તરફ ભારે વરસાદે શહેરને ધમરોળ્યું છે ત્યારે બીજી તરફ વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે મનપાની ડ્રેનેજ અને સ્ટોર્મ વોટર સિસ્ટમની પણ કસોટી થઈ છે. ખાસ કરીને ઉધના-નવસારી રોડ પર ઠેક ઠેકાણે ગટરના ઢાંકણા માંથી વરસતા વરસાદ વચ્ચે કેમિકલના પાણી ઉભરાયા હતા, તો ખટોદરા પોલીસ સ્ટેશન પાસે ગટરના પાણી ઉભરાવા માડ્યા હતા. થોડા સમયના ભારે વરસાદ બાદ જ અનેક રસ્તાઓ પર પાણી ભરાતા ચોમાસા પહેલાં કરવામાં આવેલા પ્રિ-મોન્સૂન કામગીરીના દાવાઓ સામે પણ સવાલો ઊભા થયા છે. હવે આગામી કલાકોમાં વરસાદ ચાલુ રહે તો પાણી ભરાયેલા વિસ્તારોમાં સ્થિતિ વધુ વણસી શકે તેવી શક્યતા છે.

### સોમવારે સવારે 8થી રાત્રે-8

◆ સેન્ટ્રલ-56 એમએમ ◆ રાંદેર-21-એમએનમ ◆ કતારગામ-30-એમએમ ◆ વરાછા-એ-47 ◆ વરાછા-બી-38 ◆ લિંબાયત-22 ◆ અઠવા-24 ◆ ઉધના-12

### ખરાબ હવામાનને...

ત્યારબાદ ગીર સોમનાથના પ્રવાસનું આયોજન કરનારા મુસાફરો માટે ફ્લાઇટ રદ થવાથી સમગ્ર પ્રવાસનું સમયપત્રક ખોરવાઈ ગયું હતું. અચાનક ઊભી થયેલી પરિસ્થિતિને કારણે કેટલાક મુસાફરોએ પોતાની મુસાફરીની તારીખ બદલવી પડી હતી, જ્યારે કેટલાકે વૈકલ્પિક પરિવહન વ્યવસ્થા અંગે વિચારવું પડ્યું હતું.
જોકે, ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા ફ્લાઇટ રદ થવાની જાણ મુસાફરોને આગોતરી કરવામાં આવી હતી. મુસાફરોને SMS, વોટ્સએપ અને ઈ-મેલ મારફતે ફ્લાઇટની સ્થિતિ અંગે માહિતી આપવામાં આવી હતી. આમ છતાં, ફ્લાઇટ રદ થતાં મુસાફરોને પોતાના પ્રવાસનું પુનઃઆયોજન કરવાની ફરજ પડી હતી.

### ઓરેન્જ એલર્ટ વચ્ચે...

વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને જનજીવન પર પણ તેની અસર જોવા મળી હતી. સુરત શહેર ઉપરાંત જિલ્લામાં પણ અનેક તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો હતો. છેલ્લા 24 કલાક દરમિયાન જિલ્લામાં 1 મીમીથી લઈને 43 મીમી સુધીનો વરસાદ નોંધાયો છે. ઓલપાડ તાલુકામાં 43 મીમી વરસાદ સાથે સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. જ્યારે સુરત તાલુકામાં 76 મીમી વરસાદ નોંધાયો હતો. ઓરેન્જ એલર્ટને પગલે સોમવારે સવારથી જ આકાશ વાદળછાયું રહ્યું હતું અને થોડા સમય બાદ વરસાદ શરૂ થયો હતો. કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ બાદ ધોધમાર વરસાદના ઝાપટાં પડ્યાં હતાં. સતત વરસાદના કારણે રસ્તાઓ ભીના થઈ ગયા હતા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ પણ સર્જાઈ હતી. વરસાદી માહોલના કારણે શહેરના તાપમાનમાં ખાસ્સી ઠંડક અનુભવાઈ હતી. મહત્તમ તાપમાનમાં આંશિક વધારો નોંધાયો હોવા છતાં વરસાદને કારણે ગરમીનો અનુભવ ઓછો થયો હતો. સુરત શહેરમાં આજે મહત્તમ તાપમાન 27.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે અગાઉની સરખામણીએ આંશિક વધારે છે. જ્યારે લઘુત્તમ તાપમાન 25.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જેમાં દોઢ ડિગ્રીનો વધારો થયો હતો. શહેરમાં હવામાં 97 ટકા ભેજ નોંધાયો હતો. સાથે જ દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 6 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો હતો. ઊંચા ભેજ અને સતત વાદળછાયા વાતાવરણને કારણે શહેરમાં દિવસ દરમિયાન પણ ઠંડકનો માહોલ રહ્યો હતો.

### સુરત જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકમાં પડેલો વરસાદ

| તાલુકા | વરસાદ (મીમી) |
|---|---|
| ઓલપાડ | 43 |
| માંગરોળ | 15 |
| ઉમરપાડા | 05 |
| માંડવી | 01 |
| કામરેજ | 20 |
| સુરત | 76 |
| ચોર્યાસી | 25 |
| પલસાણા | 11 |
| બારડોલી | 09 |
| મહુવા | 33 |
| અરેઠ | 18 |
| અંબિકા | 28 |

### ઉકાઇડેમ એલર્ટ...

જ્યારે એલર્ટ લેવલ 336.34 ફૂટ નક્કી કરવામાં આવ્યું છે. આમ, ડેમ એલર્ટ લેવલથી ઉપર પહોંચી ગયો છે. આગામી દિવસોમાં ઉપરવાસમાં વરસાદ કેવો રહે છે અને પાણીની આવક કેટલી રહે છે તેના પર ડેમની સપાટીની આગળની સ્થિતિ નિર્ભર રહેશે.

### 16 સપ્ટેમ્બરથી રૂલ લેવલ 345 ફૂટ

હાલ ઉકાઈ ડેમનું રૂલ લેવલ 340 ફૂટ રાખવામાં આવ્યું છે. જોકે, 16 સપ્ટેમ્બરથી રૂલ લેવલ વધારીને 345 ફૂટ કરવામાં આવશે. એટલે હાલની સ્થિતિમાં ડેમને તબક્કાવાર વધુ પાણી સંગ્રહ કરવાની મંજૂરી મળશે અને ડેમની સપાટી 345 ફૂટ સુધી લઈ જવાની સ્થિતિ રહેશે. ડેમનું રૂલ લેવલ વધારવાની સાથે પાણીની આવક અને ડેમની સપાટી પર સતત નજર રાખવી મહત્વપૂર્ણ બની રહેશે. ખાસ કરીને ઉપરવાસમાં ફરી વરસાદી સિસ્ટમ સક્રિય રહે તો ડેમમાં આવક વધવાની શક્યતા રહેલી છે.

### ઉપરવાસમાં પડેલો વરસાદ (મીમી)

| | | | |
|---|---|---|---|
| ટેસ્કા | 15 | ચીકલધરા | 15 |
| ગોપાલખેડા | 37 | દેડતલાઈ | 39 |
| વાનખેડ | 15 | હથનુર | 15 |
| ભુસાવલ | 16 | સાવખેડામાં | 48 |
| દહીંગાંવ | 56 | ગીધાડે | 35 |
| શીરપુર | 28 | શીંદખેડા | 57 |
| ડામરખેડા | 37 | ચાંદપુર | 52 |
| ખેતિયા | 60 | નરાણેમાં | 20 |

### ઉધનામાં 18 ફૂટના...

બિરાજમાન કરી ઉધના મઢીની ખમણી ખાતે લાવવામાં આવી હતી. ત્યારબાદ રાત્રિના સમયે ગણેશ મૂર્તિના આગમનની તૈયારીઓ પૂર્ણ કરી ધામધૂમપૂર્વક શાંતિનગર સોસાયટી તરફ આગમન કરવામાં આવ્યું હતું. શ્રીજીના આગમનને લઈ સોસાયટીમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. શ્રીજીની મૂર્તિને મંડપમાં સ્થાપિત કરવાની કામગીરી દરમિયાન ગલ્લાનું સેટિંગ કરી તેને ઝીરો ટર્ન કરવામાં આવતું હતું. એ સમયે 18 ફૂટની ગણેશ મૂર્તિ ગલ્લા સાથે પલટી ખાઈ રોડની સાઈડમાં પડી હતી. મૂર્તિ ખંડિત થતાં સ્થળ પર હાજર મંડળના સભ્યો અને ભક્તોમાં નિરાશાનો માહોલ જોવા મળ્યો હતો. ધામધૂમથી આગમન કરાયેલી શ્રીજીની મૂર્તિ અચાનક પલટી પડતાં કેટલાક ભક્તોની આંખોમાં આંસુ આવી ગયા હતા.
બનાવ બાદ બાળગણેશ યુવકમંડળે ખંડિત મૂર્તિનું મગદલ્લા ખાતે વિસર્જન કર્યું હતું. બાદ અન્ય મૂર્તિકાર પાસેથી નાની શ્રીજીની મૂર્તિ લાવી મંડપમાં વિધિવત્ સ્થાપના કરવામાં આવી હતી અને ગણેશોત્સવની ઉજવણી આગળ ધપાવવામાં આવી હતી.

### ગણેશ ચતુર્થીએ...

એપ બ્લિંકિટ મારફતે લાડુ મંગાવ્યા હતા. પરંતુ પાર્સલનું બોક્સ ખોલતાં જ ગ્રાહકના હોશ ઊડી ગયા હતા. લાડુ સડેલી અને વાસી હાલતમાં તો હતા જ, પરંતુ તેની ઉપર અને અંદર સફેદ ફૂગ પણ જોવા મળી હતી. તહેવારના દિવસે પરિવાર અને સ્ટાફ માટે મંગાવવામાં આવેલા લાડુમાં આવી અખાદ્ય સ્થિતિ સામે આવતાં વેપારી રોષે ભરાયા હતા.
પ્રાપ્ત માહિતી અનુસાર પાંડેસરાના વેપારી પ્રવીણ ગુપ્તાએ ગણેશ ચતુર્થી નિમિત્તે બ્લિંકિટ મારફતે લાડુનો ઓર્ડર કર્યો હતો. ડિલિવરી મળ્યા બાદ બોક્સ ખોલતાં લાડુની હાલત જોઈને તેઓ ચોંકી ગયા હતા. લાડુ પર સફેદ ફૂગ જામી ગઈ હતી અને તે સડેલી હાલતમાં જોવા મળ્યા હતા. સવાલ એ છે કે, ગ્રાહકના ઘરના દરવાજા સુધી પહોંચે ત્યાં સુધી ખાદ્ય પદાર્થની ગુણવત્તા ચકાસવાની જવાબદારી આખરે કોની? વેપારીએ ડિલિવરી બોયને સડેલા લાડુ બતાવીને 'જોઈને સામાન કેમ નથી લાવતા?' તેમ પૂછતાં ડિલિવરી બોયે હાથ ઊંચા કરી દીધા હતા. તેનું કહેવું હતું કે, 'અમારું કામ માત્ર સામાન પહોંચાડવાનું છે.'

### પહેલા બાળકનું મોત,...

કરે છે કે તંત્રની ટીમો નિયમિત રીતે બજારમાં, મેસમાં, કેટરિંગ યુનિટમાં અને ઓનલાઇન ફૂડ સપ્લાય ચેઇનમાં ચેકિંગ કરે છે કે પછી મીડિયા અહેવાલ કે સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થયા બાદ જ અધિકારીઓ દોડતા થાય છે? ફૂડ પોઈઝનિંગની ઘટના બન્યા પછી સેમ્પલ લેવા કરતાં અગાઉથી સેમ્પલિંગ અને નિયમિત ચેકિંગ કેમ ન થાય?

### નાનપુરામાં ૮૪...

વૃદ્ધા પર જાનલેવા હુમલો કર્યો હતો. અજાણ્યા શખ્સે માથામાં ગંભીર ઘા મારી, છાતીની પાંસળીઓ તોડી નાખી અને ગળું દબાવીને વૃદ્ધાને મોતને ઘાટ ઉતારી દીધા હતા. બનાવ અંગે માહિતી મળતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે અકુદરતી મોતનો ગુનો દાખલ કરી મૃતદેહને પીએમ (પોસ્ટમોર્ટમ) અર્થે ખસેડ્યો હતો. પીએમ રિપોર્ટ આવ્યા બાદ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૩(૧) મુજબ હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.
આ બનાવ અંગે અજાણ્યા હત્યારા વિરુદ્ધ ફરિયાદ નોંધાતા અઠવાલાઈન્સ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર તેજસકુમાર અનીલભાઈ ગઢવીએ ગુનાની તપાસનો દોર સંભાળ્યો છે. લૂંટના ઈરાદે કે અંગત અદાવતમાં આ હત્યા કરવામાં આવી છે તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ઓલપાડમાં મોબ...

તપાસ સગેવગે કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ મામલે મૃતકના ભાઈ નલીનભાઈ ગણપતભાઈ પટેલે સુરત ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક (SP) સમક્ષ લેખિત રજૂઆત કરી હત્યાનો ગુનો નોંધવા અને યોગ્ય ન્યાય અપાવવા માટે ધા નાંખી છે.
ગત તા.૧૨/૯/૨૦૨૪ના રોજ રાત્રિના આશરે ૧૧ વાગ્યાના સુમારે મૃતક અમીષભાઈ પટેલ પોતાની હ્યુન્ડાઈ કાર નં.(GJ-05-CR-8009) લઈ પિંજરતથી પોતાના ગામ સરોલી તરફ આવી રહ્યા હતા. દરમિયાન પિંજરતથી દિહેણ ગામ વચ્ચે આવેલી બરોડા બેંક નજીક દિહેણ ગામના ગણપતિ વિસર્જનનો વરઘોડો નીકળ્યો હતો. આ વરઘોડામાં ચાલતા લોકો અને વાહનો વચ્ચે અમીષભાઈની કારથી અચાનક સામાન્ય ટક્કર લાગી ગઈ હતી. આ ઘટના બનતાં જ દિહેણ ગામના આશરે ૨૦થી ૨૫ લોકોના ઉશ્કેરાયેલા ટોળાએ અમીષભાઈની કારને ઘેરી લીધી હતી અને બેફામ પથ્થરમારો શરૂ કરી દીધો હતો. ટોળામાંથી અસામાજિક તત્ત્વોએ રોડ પરથી પથ્થર/બ્લોક ઉપાડી અમીષભાઈના માથામાં જોરથી મારી માથું ફોડી નાંખ્યું હતું અને તેમને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા.

## અનુસંધાન... પાના પહેલાનું

### લંડનની થેમ્સ...

મંત્રોચ્ચાર અને સંગીતની રમઝટ સાથે બહુસ્તરીય દીપમાળાઓ પ્રગટાવીને નદી અને પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. ચિન્મય મિશનના વૈશ્વિક વડા સ્વામી સ્વરૂપાનંદે જણાવ્યું હતું કે, મા ગંગાના પવિત્ર ભાવ, આપણી સંસ્કૃતિ, પરંપરા અને જ્ઞાનને યાદ કરીને લંડનના હૃદયસમા થેમ્સના કિનારે મા ગંગાનું આહ્વાન કરવાનો આ એક નમ્ર પ્રયાસ છે. તેમણે ઉમેર્યું કે વેદાંતનું જ્ઞાન આપણને તમામ ભેદભાવોથી પર રહીને એકતા, પ્રેમ અને સદ્ભાવનાથી રહેવાની પ્રેરણા આપે છે, જેને પૂજ્ય ગુરુદેવ સ્વામી ચિન્મયાનંદજીએ હિમાલયની ઊંચાઈઓથી લાવીને સમગ્ર વિશ્વમાં પહોંચાડ્યું હતું.

### UCC મુદ્દે NDAમાં...

કરવાનો સખત વિરોધ છે. રજાકે ભારપૂર્વક કહ્યું હતું કે, પક્ષના સર્વોચ્ચ નેતા નીતિશ કુમારે આ અંગેનું વલણ અગાઉથી જ સ્પષ્ટ કરી દીધું હતું અને બિહારમાં યુસીસી લાગુ કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

### સાઉદી અરેબિયાના...

છે. જેમાં ભારે ખનિજ તત્ત્વો સહિત દુર્લભ ખનિજોનું ઊંચું પ્રમાણ અને યુરેનિયમની નોંધપાત્ર સાંદ્રતા જોવા મળી છે.
યુરેનિયમની આ શોધની જાહેરાત સાઉદી અરેબિયા માટે ખૂબ મહત્વના સમયે થઈ છે. આ દેશમાં મુસ્લિમોના બે સૌથી પવિત્ર સ્થળો મક્કા અને મદિના આવેલા છે. સાઉદી અરેબિયામાં અમેરિકી સૈન્ય મથકો હોવાના કારણે ઈરાન તેને નિશાન બનાવી રહ્યું છે, જ્યારે યમનના હુથી બળવાખોરોએ રાતા સમુદ્રમાં સાઉદી અરેબિયાનો દરિયાઈ માર્ગ રૂંધવાનો પ્રયાસ કર્યો છે.

### ચીને ૨૦૨૫માં LAC પર...

સમયના તણાવપૂર્ણ સંબંધો પછી, ઑક્ટોબર ૨૦૨૪માં રશિયાના કઝાન શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ ઝી જિનપિંગ વચ્ચે પૂર્વ લડાખમાં મડાગાંઠ સમાપ્ત થયા બાદ યોજાયેલી બેઠક પછી બંને દેશોએ સંબંધો સુધારવાનું શરૂ કર્યું હતું. છેલ્લા કેટલાક મહિનાઓમાં, બંને પક્ષોએ તેમના સંબંધોને પુનઃસ્થાપિત કરવા માટે શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે. મોદી અને ઝીએ શનિવારે નવી દિલ્હીમાં યોજાયેલી બ્રિક્સ સમિટ ટાણે વધુ એક બેઠક યોજી હતી.

### છૂટક ફુગાવો...

જ્યારે શહેરી ફુગાવો 3.96 ટકાથી વધીને 4.31 ટકા થયો છે. છૂટક ફુગાવો વધવા માટે કાંદા, લસણ, આદુ, ખાંડ, દૂધ વગેરે ખાદ્ય વસ્તુઓના વધેલા ભાવો અને ઈંધણના ભાવમાં પણ વધારાને જવાબદાર માનવામાં આવે છે. ઓગસ્ટમાં ડુંગળીનો ફુગાવો જુલાઈના ૨૨.૫૪ ટકા સામે વધીને ૪૮.૨૭ ટકા થયો હતો. લસણનો ફુગાવો જુલાઈના ૩૫.૩૬ ટકાથી વધીને ૪૩.૬ ટકા થયો હતો. બીજી તરફ, ટામેટાં, બટાટા, ભીંડા અને પરવળના ભાવમાં ઘટાડો થયો હતો.

### જથ્થાબંધ મોંઘવારી...

કારણે ભવિષ્યમાં પણ WPI અને આઉટપુટ પ્રોડ્યુસર પ્રાઇસ ઇન્ડેક્સ (OPPI) પર દબાણ જળવાઈ રહેશે. બાર્કલેઝના રિસર્ચ રિપોર્ટ અનુસાર, આંતરરાષ્ટ્રીય ઉર્જા ભાવ વધવાથી ઈંધણ અને વીજળી ફુગાવામાં ઉછાળો આવ્યો છે. ઈન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચના મુખ્ય અર્થશાસ્ત્રી દેવેન્દ્ર પંતે જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયાની લાંબા ગાળાની કટોકટી, અપૂરતો વરસાદ અને નબળા રૂપિયાના કારણે નજીકના ભવિષ્યમાં મોંઘવારી વધુ વધી શકે છે.

### દિશા સાલિયાન કેસ:...

હાઈકોર્ટના નિર્દેશોનું પાલન કરીને આ એફઆઈઆરમાં હાલ કોઈ પણ વ્યક્તિનું નામ 'આરોપી' તરીકે દાખલ કરવામાં આવ્યું નથી. એફઆઈઆરમાં ભારતીય દંડ સંહિતા (IPC)ની ગંભીર કલમો હેઠળ ગેંગરેપ, હત્યા, ફોજદારી કાવતરું સહિતની જોગવાઈઓ સામેલ કરવામાં આવી છે. એફઆઈઆર મુજબ, મુખ્ય ગુનાઓ, ફોજદારી કાવતરું, બનાવટી આપઘાતની વાર્તા ઊભી કરવી અને પ્રસારિત કરવી જેવા મુદ્દાઓ પર તમામ શંકાસ્પદોની સઘન પૂછપરછ કરવામાં આવશે.
CBI દ્વારા નોંધાયેલી આ એફઆઈઆરમાં માત્ર રાજકીય કે બોલિવૂડ હસ્તીઓ જ નહીં, પરંતુ તત્કાલીન પોલીસ અધિકારીઓ અને વહીવટીતંત્રના વડાઓનો પણ સમાવેશ કરાયો છે. જેમાં આદિત્ય ઠાકરેના બોડીગાર્ડ્સ, મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહ, વિવાદિત પૂર્વ પોલીસ અધિકારી સચિન વાઝે, ડીસીપી વિશાલ ઠાકુર અને મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખ સહિત માલવણી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ અને કાલિના ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ના ડોક્ટરો અને સ્ટાફની ભૂમિકાની પણ તપાસ થશે.
દિશાના પિતા સતીશ સાલિયાને સીબીઆઈ તપાસના નિર્ણયનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે તેમણે તપાસકર્તાઓને તમામ સાચા તથ્યો અને આદિત્ય, સુરજ પંચોલી તથા ડિનો મોરિયા સહિતના નામો આપ્યા છે.

### દિશા સાલિયાનનું...

બોમ્બે હાઈકોર્ટે સાલિયાન પરિવારે વ્યક્ત કરેલી હત્યાની આશંકા અને ઘટનાના પાંચ વર્ષ પછી પણ પરિવારને પોસ્ટમોર્ટમ રિપોર્ટ કે એડીઆરની નકલ ન મળવા બદલ સવાલો ઉઠાવ્યા હતા, જેના આધારે સીબીઆઈને આદેશ આપવામાં આવ્યા હતા. દિશાના પિતા સતીશ સાલિયાને સીબીઆઈ સમક્ષ જુબાનીમાં આશંકા વ્યક્ત કરી હતી કે તેમની પુત્રીને ડ્રગ્સ અને ચાઈલ્ડ ટ્રાફિકિંગના રેકેટની જાણ થઈ ગઈ હતી. તેમણે 11 જૂન 2020ના રોજ પુત્રીના મૃતદેહના ફોટોગ્રાફ્સ જોયા બાદ આપઘાતની થિયરી પર શંકા વ્યક્ત કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે પોલીસે તેમની પાસે અંધારામાં રાખીને સહીઓ લીધી હતી.

### રૂપિયા 3,383

સુધી રસ્તાઓ પર ભિક્ષા માગી હતી. શાહે આ અનુભવને 'જીવનની વાસ્તવિકતા' દર્શાવનારો ગણાવ્યો હતો. પોતાનો અનુભવ શેર કરતાં તેમણે જણાવ્યું હતું કે, 'સામાન્ય રીતે જે લોકો મારી સાથે મુલાકાત કરવા લાઈનમાં ઊભા રહે છે, તે જ લોકો પાસે જ્યારે હું ભિખારી બનીને ગયો ત્યારે તેઓ મારાથી ઉચ્ચ સ્થાને આવી ગયા.' તેમણે મુંબઈકરોની મદદગાર ભાવનાની પ્રશંસા કરતાં ઉમેર્યું કે એક વ્યક્તિએ તેમને રૂ. 20 આપ્યા હતા અને એક નાના સમોસા વેચનારે તેમની પાસે પૈસા ન હોવા છતાં સ્મિત સાથે મફતમાં સમોસું ખાવા આપ્યું હતું. બાદમાં તેમણે આ અનુભવ પોતાના ગુરુ અને લોકોને સંભળાવ્યો હતો.

### ગ્રીન કાર્ડની મંજૂરીને...

લાભ લે છે. આ કાયદો ઈમિગ્રેશન અધિકારીઓને ફૂડ સ્ટેમ્પ્સ અને મેડિકેડ જેવા સાર્વજનિક લાભો મેળવતા લોકોને ગ્રીન કાર્ડ નકારવાની મંજૂરી આપે છે. મેનહટન ફેડરલ કોર્ટમાં નોંધાયેલા બે દાવાઓમાં, રાજ્યો અને સ્થાનિક સરકારોએ શુક્રવારથી અમલમાં આવનારા ફેડરલ નિયમને પડકાર્યો હતો. આ નિયમ કહે છે કે કાયદેસરના કાયમી નિવાસી બનવા માટે અરજી કરનારા લોકો સરકાર પર બોજ ન હોવા જોઈએ જેઓ મુખ્યત્વે સરકારી લાભો પર નિર્ભર હોય.
ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ જુલાઈમાં આ નિયમની જાહેરાત કરી હતી. તે ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન 2019માં અપનાવવામાં આવેલી નીતિને પુનર્જીવિત કરે છે, જે પાછળથી ડેમોક્રેટિક પ્રમુખ જો બાઈડનના પ્રશાસન હેઠળ રદ કરવામાં આવી હતી. 2022માં, બાઈડન પ્રશાસને જાહેર બોજ કોણ ગણાશે તેની વધુ સંકુચિત વ્યાખ્યા અપનાવી હતી. અમેરિકી કાયદા હેઠળ, ઈમિગ્રેશન અધિકારીઓને લાંબા સમયથી એવા લોકોને અયોગ્ય ગણવાની મંજૂરી આપવામાં આવી છે જો તેઓ નક્કી કરે કે આ લોકો સરકાર પર બોજ બની રહેશે.

### દિલ્હી ડાયરી...


પ્રદર્શિત કરાયેલા મેનૂ કાર્ડમાં પ્રદેશની ક્લાસિક વાનગીઓથી લઈને જૂની દિલ્હીના પ્રખ્યાત સ્ટ્રીટ-ફૂડનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેણે આ ગાલા ડિનરને એક વિશિષ્ટ ભારતીય સ્પર્શ આપ્યો હતો. ડિનરમાં બાજરી અને ધાન્ય કેન્દ્ર સ્થાને રહ્યા હતા. મેનૂમાં આપેલી એક ખાસ નોંધમાં 'શ્રી અન્ન'નું મહત્ત્વ રેખાંકિત કરવામાં આવ્યું હતું, જેમાં મિલેટ્સને પોષક તત્ત્વોથી ભરપૂર એવા અનાજ તરીકે વર્ણવવામાં આવ્યા હતા જે ઓછા સંસાધનો માંગે છે અને કૃષિ સ્થિરતા તથા આબોહવા સહિષ્ણુતાને ટેકો આપે છે. ભોજન દરમિયાન ત્રણ પ્રકારના મિલેટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો: પુલાવમાં બાજરી, ભારતીય રોટલીમાં જુવાર અને મીઠાઈમાં સામો/મોરૈયો.

#### ભારત-ચીન સંબંધોમાં સુધારાની નવી આશા

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગનું નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટ માટે આવવાથી આલોચકોના મોં બંધ થવાની સાથેસાથે ભારત-ચીન સંબંધોમાં સુધારાની નવી આશા જાગી છે. જિનપિંગની સાત વર્ષમાં પ્રથમ વખત થયેલી આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે બંને દેશો વર્ષ ૨૦૨૦ના પૂર્વ લદાખ સંઘર્ષ અને ગલવાન ઘાટીની હિંસક ઝડપ પછીના તણાવ બાદ સંબંધોમાં સતત થઈ રહેલા સુધારાને વધુ મજબૂત કરવા માંગે છે.
વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને નેતાઓએ ઓગસ્ટ ૨૦૨૫માં તિયાનજિનમાં તેમની મુલાકાત પછી દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી સતત પ્રગતિનું સ્વાગત કર્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, બંને દેશોએ પોતાના સંબંધો પ્રત્યે વ્યૂહાત્મક અને લાંબા ગાળાનો દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ. વિદેશ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, "મતભેદો વિવાદ ન બનવા જોઈએ." વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રેખાંકિત કર્યું હતું કે, સંબંધો ત્રણ પરસ્પર બાબતો - પરસ્પર સન્માન, પરસ્પર સંવેદનશીલતા અને પરસ્પર હિત દ્વારા સંચાલિત થવા જોઈએ. વિવાદિત સરહદ પર શાંતિ અને સુલેહ-શાંતિની જાળવણી એ આ ચર્ચાનો મુખ્ય મુદ્દો બનીને ઊભરી આવ્યો હતો. મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિ એ દ્વિપક્ષીય સંબંધોના સતત વિકાસ માટે એક આવશ્યક આધાર છે" અને તેમણે સરહદ સંબંધિત મુદ્દાઓ પર હાલના કરારો અને સમજુતીઓનું પાલન કરવાની બંને પક્ષો માટે જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.



















ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
**ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**કોઈપણ કંપનીમાં**
મેડિકલેઈમ લેવા પોર્ટ કરવા નવો લેવા મેડિકલેઈમમાં કોઈપણ ઉમર સુધી ઓપ્શન અવેલેબલ કોઈ પ્રોબ્લેમ હોઈ, ક્લેઈમ રિજેક્ટ થયેલ છે, ક્લેઈમ પ્રોસેસ કરવાનો છે. 9825016121

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile: 9825859049, 7859985601

**જૂના બંધ AC**
લેવામાં આવશે. જૂના 2 વ્હીલર 4 વ્હીલર બંધ હાલત માં લેવામાં આવશે. 6351459536, 6358258722

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**મિલ્કત વેચવાની છે**

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001

**2.15 વિંઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ ટેના રાંગ સુરત. Mo. 9687580001

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. Mo. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ MO. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા, કણજા. Mo. 9687580001

**50,000 ભાડાની**
આવકવાળી રનિંગ દુકાન જમ્બો સાઈઝ પરશુરામ ગાર્ડન સામે વેચવાની 9157622115

**મિલ્કત ભાડે -વેચાણ**

**પ્લોટ- શેડ**
ભાડે/ વેચાણ આપવાનો છે, વોટરજેટ-એરજેટ અને ટેક્સટાઈલ લાયક, Cetp સુવિધા સાથે તૈયાર પ્લોટ,શેડ, લોકેશન: ભાટિયા ટોલ પાસે અને ગલુડા એક્સપ્રેસ-વે, પલસાણા, 9213661311

**મિલ્કત ભાડેથી**

**ભાડે આપવાનો છે**
3 BHK ફ્લેટ જહાંગીરાબાદ ડી- માર્ટ ની બાજુમા રોડ સાઈડ અગીયારમાં માળે. 9227500420

સુરત સ્ટેશન વિસ્તારમાં ગેસ્ટ હાઉસ હોસ્પિટલ માટે મોકાની જગ્યા પ્લાન પાસ વેચાણથી લેવા માટે રૂબરૂ મળવું અલીઅસગરભાઈ 9924754529

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**Dinesh Tours N Travels**
નવેમ્બર - ડિસેમ્બર પેકેજ @ કેરાલા - રામેશ્વરમ - મદુરાઈ - કન્યાકુમારી. દિ. ૧૦ @ કશ્મીર - અમૃતસર. દિ. ૧૦ @ દાર્જીલિંગ - લાચુંગ - પેલિંગ - ગંગટોક. દિ. ૯ આરામદાયક હોટલ બ્રેકફાસ્ટ - ડિનર સહિત વધુ માહિતી માટે સંપર્ક કરો :- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, ચારધામ- બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, તારીખ- 10/10, દિવસ-15. દિવાળીમાં પ્રવાસો (1) દક્ષિણ ભારત, શ્રીશૈલમ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, કન્યાકુમારી, ઉટી. દિવસ- 14. તારીખ- 11/ 11, 24/ 11 (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેગટોક, નેપાળ. તારીખ- 11/ 11, દિવસ- 19, દિવસ- 12, (3) બનારસ, અયોધ્યા, મનોકામના, નેપાળ, ગયાજી, તારીખ- 11/ 11, દિવસ- 12 (4) ભૂતાન. તારીખ- 10/ 12, 05/ 01, દિવસ- 8. (5) રોયલ કાશ્મીર, વૈષ્ણોદેવી. તારીખ- 15/ 01, 16/ 02. દિવસ- 11. -દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**Dinesh Tours N Travels**
નવેમ્બર - ડિસેમ્બર પેકેજ @ કેરાલા - રામેશ્વરમ - મદુરાઈ - કન્યાકુમારી. દિ. ૧૦ @ કશ્મીર - અમૃતસર. દિ. ૧૦ @ દાર્જીલિંગ - લાચુંગ - પેલિંગ - ગંગટોક. દિ. ૯ આરામદાયક હોટલ બ્રેકફાસ્ટ - ડિનર સહિત વધુ માહિતી માટે સંપર્ક કરો :- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

**નોકરી વિષયક**

**મને સવારે 10થી રાત્રે 11 વાગ્યા**
સુધી આઈસ્ક્રીમ પાર્લર માટે ઓપરેશન પર્સનની જરૂર છે. સુરતમાં સ્ટેશન રોડ પાસે વધુ માહિતી માટે 9712907552 પર કૉલ કરો.

**ખુશાલભાઈ જવેલર્સને**
જોઈએ છે. સેલ્સમેન/ સેલ્સગર્લ. અનુભવીને પહેલી પસંદગી લાયકાત ધરાવતા ઉમેદવારને પગારનો કોઈ બાધ નથી. સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લે પોઈન્ટ, સુરત.. MO. 8160859341 (315)

**Urgently Required**
Office Work Assistant: 10th/ 12th Pass/Fail. Assist Draftsman in preparing RCC beam, slab and column schedules. Basic Computer knowledge, MS Office, Excel, Word & Data Entry required. 1101-1104, Royal Trade Centre, Adajan. Call: 0261- 2782298, 2782299, 9924440493. Send Your Resume: erjalilsheikh@gmail.com

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*